**કુલ-૦૨ આદર્શ નિવાસી શાળાઓના મકાનને ડિમોલિશન કરી નવું મકાન બાંધકામ કરવા અંગેની વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: **TDD/ANS/e-file/25/2024/1063/G**

સચિવાલય, ગાંધીનગર.

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણમાં લીધા:-**

(૧) કમિશનરશ્રી (આ.વિ), ગાંધીનગરનો તા.૧૧/૧૨/૨૦૨૪નો પત્ર ક્ર.DOTD/NEW/e-file/242/ 2024/ 2645/ANS
(૨) કમિશનરશ્રી (આ.વિ), ગાંધીનગરનો તા.૧૩/૧૨/૨૦૨૪નો પત્ર ક્ર.DOTD/NEW/e-file/242/ 2024/ 2658/ANS

**આમુખ:-**

કમિશનરશ્રી આદિજાતિ વિકાસના ઉપરના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના પત્રથી આદર્શ નિવાસી શાળા (કન્યા)-ટીચકપુરા, તા.વ્યારા, જિ.તાપીના મકાનને ડિમોલિશન કરી નવું મકાન બાંધકામ કરવા માટે રૂ.૧૫.૬૪ કરોડના અંદાજો સામે પ્રથમ વર્ષ માટે ૩૩.૩૩% પ્રમાણે રૂ.૫.૨૧ કરોડની અને ક્રમાંક (૨) સામેના પત્રથી આદર્શ નિવાસી શાળા (કુમાર)-ડેડિયાપાડા, તા.ડેડિયાપાડા, જિ.નર્મદાના મકાનને ડિમોલિશન કરી નવું મકાન બાંધકામ કરવા માટે રૂ.૩૫.૯૫ કરોડના અંદાજો સામે પ્રથમ વર્ષ માટે ૩૩.૩૩% પ્રમાણે રૂ.૧૧.૯૮ કરોડની એમ કુલ મળીને રૂ.૫૧.૫૯ કરોડના નકશા અંદાજો સામે પ્રથમ વર્ષ માટે ૩૩.૩૩% પ્રમાણે રૂ.૧૭.૧૯ કરોડની જોગવાઇ કરવા અંગેની નવી બાબતનો વર્ષ ૨૦૨૫-૨૬માં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગ હેઠળની નીચેના પત્રકમાં કોલમ (૨) મુજબની કુલ-૦૨ આદર્શ નિવાસી શાળાઓના મકાનને ડિમોલિશન કરી નવું મકાન બાંધકામ કરવા માટે કોલમ નં.(૩) મુજબના નકશા અંદાજોની રકમ સામે કોલમ (૪) મુજબના પ્રથમ વર્ષ માટે ૩૩.૩૩% પ્રમાણેની રકમની નવી બાબતનો કોલમ (૫) મુજબના બજેટ સદર હેઠળ સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | આદર્શ નિવાસી શાળાનું નામ | જોગવાઈ (રૂ. કરોડમાં) | | બજેટ સદર |
|---|---|---|---|---|
| | | કુલ રકમ | પ્રથમ વર્ષ માટે ૩૩.૩૩% મુજબ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | આદર્શ નિવાસી શાળા (કન્યા)-ટીચકપુરા, તા.વ્યારા, જિ.તાપી | ૧૫.૬૪ | ૫.૨૧ | 96-4225-02-796-42-VKY-51 |
| ૨ | આદર્શ નિવાસી શાળા (કુમાર)-ડેડિયાપાડા, તા.ડેડિયાપાડા, જિ.નર્મદા. | ૩૫.૯૫ | ૧૧.૯૮ | 96-4225-02-796-42-VKY-51 |
| | કુલ | **૫૧.૫૯** | **૧૭.૧૯** | |

**શરતો:-**

૧. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે કમિશનરશ્રી આદિજાતિ વિકાસે તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.
૨. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.
૩. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી કમિશનરશ્રી આદિજાતિ વિકાસ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
૪. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
૫. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
૬. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
૭. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
૮. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
૯. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
૧૦. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
૧૧. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
૧૨. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
૧૩. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે
૧૪. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની કમિશનરશ્રી આદિજાતિ વિકાસે તકેદારી રાખવાની રહેશે.
૧૫. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની કમિશનરશ્રી આદિજાતિ વિકાસે તકેદારી રાખવાની રહેશે.

૧૬. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.
૧૭. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.
૧૮. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું કમિશનરશ્રી આદિજાતિ વિકાસે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
૧૯. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન , કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
૨૦. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે
૨૧. આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
૨૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
૨૩. આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
૨૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
૨૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
૨૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
૨૭. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.
૨૮. Road and Building Department Resolution No. RBD/OAS/e-file/ 16/2022/0002/ Section C Dt.11/10/2023 થી પ્રસિધ્ધ થયેલ Standard Bidding Document (SBD) નું પાલન કરવાનું રહેશે.
૨૯. આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૩/૦૭/૨૦૨૨ના પત્ર ક્ર: અનશ/૨૦૨૦૨૨/૨૨૧/ગ થી મંજૂર કરવામાં આવેલ ટાઈપ ડીઝાઈન (Type Design) (નકલ ત્વરિત સંદર્ભ સારુ સામેલ રાખેલ છે.) મુજબ Unit Cost સક્ષમ કક્ષાએ મંજૂર કરાવીને તે પ્રમાણે જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવાની રહેશે.
૩૦. યુનિટ કોસ્ટની રકમ વહીવટી મંજૂરી આપવા માટેની છે. પરંતુ ટેન્ડર વહીવટી મંજૂરીની અંદાજિત રકમ કરતાં નીચું આવે તો નાણાકીય ફાળવણી વર્ક ઓર્ડર મુજબ જ કરવાની રહેશે. વર્ક ઓર્ડરની રકમથી વધુની રકમ અથવા વર્ક ઓર્ડરમાં સામેલ કરેલ કોમ્પોનન્ટ સિવાયની વધુ બાબતો લેવાથી વધુ રકમની અમલીકરણ એજન્સી (માર્ગ અને મકાન વિભાગ)ને જરૂર જણાય તો કમિશનરશ્રી (આ.વિ) મારફતે અત્રે દરખાસ્ત કરી જરૂરી મંજૂરી મેળવી લેવાની રહેશે અને મંજૂરી લીધા બાદ કમિશનરશ્રી(આ.વિ) વધારાની નાણાકીય ફાળવણી કરી શકશે.
૩૧. વર્ક ઓર્ડરની રકમ પણ કમિશનરશ્રી (આ.વિ.) દ્વારા બે તબક્કામાં અમલીકરણ એજન્સી (માર્ગ અને મકાન વિભાગ)ને કામની પ્રગતિના આધારે ફાળવણી કરવાની રહેશે.

૨. આદર્શ નિવાસી શાળા (કુમાર)-ડેડિયાપાડા, તા.ડેડિયાપાડા, જિ.નર્મદા માટે કામગીરી હાથ ધરતાં પહેલાં કમિશનરશ્રી આદિજાતિ વિકાસે માર્ગ અને મકાન વિભાગ પાસેથી અધ્યતન અહેવાલ મેળવી યોગ્ય ચકાસણી કરીને જ નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૩. આ અંગેનો ખર્ચ ઉપરના પત્રકમાં કોલમ (૫)માં દર્શાવેલ બજેટ સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૭/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sign
(જનક ભાલોડીયા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ્રાન્ટની ફાળવણી બાબતે આ ઠરાવમાં સૂચવ્યા મુજબની જરૂરી કાર્યવાહી માટે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ,સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેકટ ફાઈલ-૨૦૨૫